જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૪/૨૦૧૮ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૭૦ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૮૦૩/૧૮**

**ક્રાઇમબ્રાન્ચ :** નિતીનભાઇ માંગીલાલ જૈન (ઉ.વ.૪૦)(રહે,વેકટેશ દર્શન, વેકટેશપાર્ક, ફાટક રોડ, ભાયાંદર વેસ્ટ, થાના મહારાષ્ટ્ર) એ તા.૨૫/૪/૧૮ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે જુલાઇ/૨૦૧૬ થી માર્ચ/૨૦૧૭ દરમ્યાન આરોપી (૧) પ્રકાશ ટી. દલવાણી (૨) વિક્કી પી. દલવાણી (બંને રહે, સદગુરૂપાર્ક વિભાગ–૧, હરનામદાસ સોસાયટી સામે, બંગ્લા એરીયા, કુબેરનગર) જેઓ ન્યુ કલોથ માર્કેટ સારંગપુર ખાતે દલાલ તરીકે ધંધો કરે છે તેઓએ ભેગામળી નિતીનભાઇ તથા બીજા વેપારીઓ પાસેથી જુદી-જુદી તારીખોએ ફોન કરી ગ્રે કાપડનો કુલ રૂપીયા ૧,૩૦,૪૧,૯૮૭/- મતાનો માલ મેળવી, બીજાઓને વેચી તેના નાણાં મેળવી લઇ, ગ્રે કાપડ પેટે લેવાના નીકળતા નાણાં અવાર-નવાર માંગણી કરવા છતાં આજદીન સુધી નહી મોકલી, છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.પી.દેસાઇ ક્રાઇમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૮૦૪/૧૮**

**સેટેલાઇટ :** કલ્પેશભાઈ કાંતીભાઈ મહેતા (ઉ.વ.૪૨)(રહે, "એલ" કોલોની સહજાનંદ કોલેજની પાછળ આંબાવાડી) એ તા.૨૫/૪/૧૮ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૪/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૦૪/૧૮ ના કલાક ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળી નો નકૂચો તોડી તેમજ મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમના કબાટના ડ્રોવરમાંથી રોકડા રૂપીયા ૩,૦૦,૦૦૦/- તથા ૨૦૦૦ અમેરીકન ડૉલર મળી કુલ રૂપીયા ૪,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.રામાણી ચલાવે છે.

**સરદારનગર :** પંકજભાઇ સાહેબરાવ પાટીલ (રહે,રાધિકા વિહાર ઓ.બી.સી. બેંકની સામે બાપા સીતારામ ચોક નવા નરોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૪/૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે સરદારનગર ઇંડીયન પેટ્રોલપંપ ની સામે ગેલેક્ષી રોડ મેડીકોન આર્કેટ કોમ્પ્લેક્ષમાં આવેલ પોતાની દેસ્તી મની સિક્યુરીટી પ્રાલિ. નામની કંપનીની દુકાનનું શટર તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ત્રણ કોમ્પ્યુટર, પ્રીંટર તથા પાણી નું મશીન મળી કુલ રૂપિયા ૪૭,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી આઇ.કે.મોથલિયા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૮૦૫/૧૮</u>**

**વસ્ત્રાપુર :** રૂપલબહેન બ્રિજેશભાઇ બારોટ (ઉ.વ.૪૦)(રહે,સેક્ટર-૧ ગાંધીનગર શહેર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૪/૧૮ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે રૂપલબહેન પતિ તેમજ દિકરા સાથે ગુજરાત યુનિવર્સીટી ખાતે કામ હોવાથી, રાજપથ કલબ થી એક ઓટોરીક્ષા ભાડે કરી આશ્રમ રોડ ખાતે જવા સારૂ નિકળેલ હતા દરમ્યાન બોડકદેવ જજીસ બંગલા રોડ ગોયલ પાર્ક આગળ રોડ ઉપર કોઇ અજાણી વ્યક્તિ રૂપલબહેનની નજર ચુકવી તેમનું પર્સ કે જેમાં કાર અને ઘરની ચાવીઓ, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૬૦,૦૦૦/- મુકેલ હતા તે પર્સ ની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતિલાલ મણીલાલ ચલાવે છે.

**આનંદનગર :** યશભાઇ નિલંકઠભાઇ ભટ (રહે,બલદેવનગર બી-૦૯ ઓફિસની બાજુમા જીવરાજપાર્ક વેજલપુર) એ તા.૨૫/૪/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૪/૧૮ સાંજના ૦૫/૪૫ વાગ્યાના સુમારે ધનંજય ટાવર ચાર રસ્તા નજીક આવેલ ટ્વીકલ કોમ્પ્લેક્ષની સામે રોડ પર બે મોટર સાઇકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઇસમો એ યશભાઇની પાર્ક કરેલ એકટીવાની ડેકી તોડી, ઓફિસ ના નાંણા રૂપીયા ૯,૧૮,૦૦૦/- મુકેલ બેગ ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એસ.કે.બારડ ચલાવે છે.

**કૃષ્ણનગર :** કિશોરસીહ ભીમસીહ રાજપુત (રહે,પદમાવતીનગર કોમ્પ્લેક્ષ પાસે હરીધામ સોસાયટી, પા.ટા.શીપ કૃષ્ણગર) એ તા.૨૫/૪/૧૮ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૪/૧૮ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે કૃષ્ણનગર શિવાજી ચોક સ્વાસ્થ્ય સેવા સેંન્ટર આગળ પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકી તોડી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મુકેલ બેગ તથા અગત્યના ડોક્યુમેંટની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.જી.વહોનિયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૮૦૬/૧૮**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન :** કેતુલભાઇ કિશોરભાઇ પંડ્યા (ઉ.વ.૪૦)(રહે,શીવાલય એપાર્ટમેન્ટ, અનત સોસાયટી પાસે, મણીનગર) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૪/૧૮ રાતના ૧૧/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાની માતા કુમુદબહેન કિશોરભાઇ પંડ્યા (ઉ.વ.૬૫) મણીનગર રામબાગ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, સીટી કોર્નર પાસે રોડ ઉપરથી ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન કોઇ અજાણ્યો મોટર સાયકલનો ચાલક (જેના નામ કે વાહન નંબર ની ખબર નથી તે) પોતાના કબજાનું મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, કુમુદબહેનને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃતજાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.નાગોરી ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૮૦૭/૧૮**

**ઓઢવ :** ફાલ્ગુનીબેન ડો/ઓ હરીશભાઇ પરમાર (ઉ.વ.૧૯)(રહે,ક્રિષ્ના એપાર્ટમેન્ટ સી.એમ.સી.વેરા પાસે ઓઢવ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૪/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટના પાંચમા માળેથી કુદકો મારતા, જમીન ઉપર પડતા શરીરે ગંભીર રીતે ઇજાઓ થતાં, સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલ લઈ જતા બપોરનાં ૪/૧૫ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**નરોડા :** હિમાશુ સ/ઓ બાલુભાઇ સોલંકી (ઉ.વ.૧૯)(રહે,વૃદાવન રેસીડેન્સી વિઠ્ઠલ પ્લાઝાની બાજુમા જીઇબી સામે નવા નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૪/૧૮ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટના ધાબેથી કુદકો મારતા, શરીરે ગંભીર રીતે ઇજાઓ થતાં, સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલ લઈ જતા કલાક ૩/૪૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધર્મેદ્રસિહ હિમતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.